# કેટલાક પ્રાકૃત શબ્દો અને પ્રયોગો

## ૧. નિર્ધારણવાચક ક્રિયાવિશેષણ बले

'સિદ્ધહેમ' ૮.૨.૧૮૫ નીચે बले અવ્યય પ્રાકૃતમાં નિર્ધારણવાચક તથા નિશ્ચયવાચક હોવાનું જણાવ્યું છે. તે માટે અનુક્રમે બે ઉદાહરણ આપ્યાં છે.

૧. बले पुरिसो धणंजओ खत्तिआणं ।
'ક્ષત્રિયોમાં ખરેખર પુરુષ તો ધનંજય જ.'

૨. बले सीहो 'નિશ્ચિતપણે એ સિંહ છે.'

बलेનો કોઈ સાહિત્યકૃતિમાં પ્રયોગ થયાનું પ્રાકૃત કોશમાં નોંધાયું નથી. આ દૃષ્ટિએ ધર્મસેનગણિકૃત 'વસુદેહહિંડી—મધ્યમખંડ'માં એક સ્થાને बलेનો પ્રયોગ થયો છે તેને મહત્ત્વ મળે છે.

णूणं खु बले केण–वि एदाइं माणुसेण खेरिदाइं[1] । (પૃ. ૧૯૧, પં. ૨૦)

'ખરેખર, નક્કી, એમાં કશો શક નથી કે કોઈક માણસે જ એમને ભડકાવ્યાં છે.' સંદર્ભ એવો છે કે દૂરથી આવતા વિદ્યાધરકન્યાઓના ગાયનવાદનના ધ્વનિથી ખેંચાઈને એ ધ્વનિને અનુસરતો વસુદેવ એક લતામંડપમાં પહોંચે છે. ત્યાં તે, ભયભીત બનીને આરાવ કરતી સારસજોડીનો આઘેથી આવતો શબ્દ સાંભળી, ઉપરનાં વચનો બોલે છે. એમાં માણસની ઉપસ્થિતિનું નિર્ધારણ થાય છે. અહીં એક સાથે ત્રણ નિર્ધારણાર્થ અવ્યયો વપરાયાં છે એ શૈલીલક્ષણ પણ નોંધપાત્ર છે. આ પ્રયોગથી એ વાત પણ સ્પષ્ટ થાય છે કે વ્યુત્પત્તિદૃષ્ટિએ बलेને बत સાથે જોડી શકાય તેમ નથી.

## ૨. આશ્ચર્યવાચક ક્રિયાવિશેષણ कटरि

'સિદ્ધહેમ', ૮–૪–૩૫૦ નીચે આપેલ પહેલા ઉદાહરણ-પદ્યમાં कटरि શબ્દ 'અહો', 'અદ્ભુત!' એવા અર્થના—એટલે કે આશ્ચર્યદ્યોતક ક્રિયાવિશેષણ તરીકે વપરાયેલો મળે છે. અન્યત્ર પણ તેનો પ્રયોગ અનેક વાર થયો છે—જેમ કે ભાવદેવસૂરિકૃત 'પાર્શ્વનાથચરિત્ર' (ઈ. સ. ૧૨૫૫)માં (૩.૪૯૨, ૮.૪૮); ધર્મ-કુમારકૃત 'શાલિભદ્રચરિત્ર' (૧૨૭૭)માં (૧.૮૮, ૨.૫૯, ૭.૩), 'ધર્મરત્ન–પ્રકરણ–

---

૧. પ્રતોમાં बलेण અને खोरिदाइं એવા ભ્રષ્ટ પાઠ છે. અહીં તેમજ પૃષ્ઠ ૨૦૮.૩માં खेरिद જોઈએ. खेरि એટલે 'ખેદ.' खेरिद એટલે 'ક્ષોભિત.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટીકા'માં (कटरि माङ सुवेमलु, कटरि—मुह कमल—पसन्निम—'પાસમ'માં. ઉદ્ધૃત) વગેરે. પ્રભાચંદ્રકૃત 'પ્રભાવકચરિત'માં તે શબ્દ સંસ્કૃતમાં પણ વપરાયાનું ઉદાહરણ મળે છે (कटरे जननी—भक्तिरुत्तमानां कषोपलः । પૃ. ૧૮૫, પં. ૨). હરિભદ્રસૂરિકૃત અપભ્રંશ મહાકાવ્ય 'નેમિનાહચરિય'માં બીજા કેટલાંક આશ્ચર્યદ્યોતક ક્રિયાવિશેષણો—वपुरि, अरि, हुंहुं એની સાથે कटरि પણ વપરાયે છે (પદ્ય ૭૭૮).

હવે પ્રાકૃતમાં તેમ જ અપભ્રંશમાં બે સ્વર વચ્ચે કાં તો ड् આવી શકે કાં તો ड़, પણ ट् નહીં. એટલે कटरि અપવાદરૂપ ગણાય. તે જ પ્રમાણે 'નેમિનાહચરિય'માં મળતો वपुरि—કેમ કે અપભ્રંશમાં પણ કાં તો બે સ્વર વચ્ચે व् હોય કાં તો ब, પણ प् નહીં.

આ कटरि અને वपुरिનું મૂળ શું હશે એ પ્રશ્ન વિચારણીય છે. ઉપર્યુક્ત 'નેમિનાહચરિય'માં સમાન અર્થમાં અને સમાન સંદર્ભમાં કેવળ कट અને वपु પણ વપરાયાં છે; જેમ કે,

कट कइत्तइ किंव कुसलत्तु, वपु गहिरिम जंपियइ (પદ્ય ૧૦૪). એટલું જ નહીં, આશ્ચર્યની ઉત્કટતા વ્યક્ત કરવા બંનેની દ્વિરુક્તિનો પ્રયોગ પણ તેમાં મળે છે[1] :

कट कट वन्न—विच्छित्ति एह, वपु वपु सूमिय-कम्मु (પદ્ય ૧૦૪)

अहह कटकट पत्त-संजोगु (પદ્ય ૪૩૩)

આથી એટલું તો સ્પષ્ટ થાય છે કે कटरि અને वपुरि બે ઘટકના બનેલ છે : कट रि, वपु रि. આમાંનો रि જે अरि रि (<સં. अरेरे)માં છે તે જ છે. બાકી રહેલ कट અને वपु વિશે એવી અટકળ કરી શકાય કે कट (અથવા कट्ट) એ આપણે આશ્ચર્ય વ્યક્ત કરવા મોં વડે જે ઉચ્ચારાનો અવાજ કરીએ છીએ તેનું જ વર્ણરૂપ હોય. અને वपु (કે वप्पु) એ बप्प જ હોય. સરખાવો ગુજરાતી ઉદ્ગાર 'બાપ રે !' અને તથા સંસ્કૃત आश्चर्यना મૂળમાં રહેલ आः 'આહ.' પ્રત્યયો., ઉદ્ગારવાચકો વગેરેમાં બીજી ભાષાસામગ્રીની તુલનાએ ધ્વનિપરિવર્તન વહેલું થતું હોય છે.

---

1. હર્મન યાકોબીએ તેમના વડે સંપાદિત 'સનત્કુમારચરિતમ્' (ઈ. સ. ૧૯૨૧)માં શબ્દસૂચિમાં ઉપર આપેલા સંદર્ભો નોંધ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩. નિંદાવાચક સં. आदह्

વર્ધમાનસૂરિકૃત 'ગણરત્ન–મહોદધિ' (ઈ. સ. ૧૧૪૧)માં સંસ્કૃત ધાતુ आदह् (= आ + दह्) 'બાળવું' એક લાક્ષણિક અર્થમાં પણ વપરાતો હોવાનું નોંધ્યું છે. એ અર્થ છે कुत्सने એટલે કે નિંદાના અર્થમાં. ઉદાહરણ તરીકે कुरु आदह दहि करिष्यसि એવું વાક્ય આપ્યું છે (પૃ. ૨૯. ૧/૧૩). આમાં બે બાબત વિચારણીય છે: એક તો 'બાળવું' લાક્ષણિક અર્થમાં નિંદાવાચક કઈ રીતે હોય અને બીજું ઉદાહરણ વાક્યમાં બે ક્રિયાપદ कुरु અને आदह સાથે વપરાયાં છે. વિચારતાં લાગે છે કે ઉપર ઉદ્ધૃત કરેલું વાક્ય ચોખ્ખું આપણે અત્યારે ગુજરાતીના વ્યવહારમાં 'કર, બાળને જે કરતી હોય તો', અથવા તો 'બળ્યું', કરને' એવા પ્રયોગને મળતું છે.

'બાળને, એને જે જોઈતું હોય તે' એવા પ્રયોગોમાં આપવાની ક્રિયા પ્રત્યે તિરસ્કાર દર્શાવવા 'આપવું' ને બદલે 'બાળવું' વપરાય છે. વળી 'બળ્યું', જે થાય તે. મારાથી જવાનું નહીં બને'. 'બળ્યું, મને તો શરમ આવે છે', વગેરેમાં, 'બળવું'નો પ્રયોગ સંસ્કૃત दग्धના લાક્ષણિક પ્રયોગને મળતો છે. જેમ કે अस्य दग्धोदरस्यार्थे कः कुर्यात् पातकं महत् ('હિતોપદેશ', ૧, ૬૮), नाद्यापि मे दग्धदेहः पतति ('ઉત્તરરામચરિત', ચોથા અંકમાં), दग्धजठरस्यार्थे ('વૈરાગ્યશતક') વગેરે.

'બળ્યા મોંનો', 'કાળમુખો' (જૂ. ગુજ. कालमुहउ), હિંદી मुंहजली વગેરે ઉપરથી 'બળવું'નો નિંદાવાચક અર્થ કઈ રીતે વિકસ્યો તે સમજી શકાય.

## ૪. સં. शीन 'થીજેલું', ઠરી ગયેલું', જામેલું, થીનું'.

'અભિધાન ચિંતામણિ'માં शीन અને स्त्यान એકાર્થક તરીકે નોંધેલા છે (૧૪૯૪). આપેલા છે. અમરના 'નામલિંગાનુશાસન'માં એ શબ્દો આપેલા નથી.

પાણિનીય 'ધાતુપાઠ'માં श्यै ધાતુ (પહેલો ગણ) ગત્યર્થક કહ્યો છે. પરંતુ તેનાં ત્રણ ભૂતકૃદંત शीत 'ઠંડું', शीन 'થીજી ગયેલું' (જેમ કે शीनं घृतम् 'થીનું ઘી') અને श्यान 'સંકોચાયેલું' (જેમ કે मद्रयानो वृश्चिकः ઠંડીથી સંકોચાઈ ગયેલો વીંછી') મૂળ ધાતુના અર્થથી જુદા અર્થમાં જાણીતા છે. अवश्याय 'ઝાકળ' (અને शिशिर 'ઠંડું') જેવા સાધિત શબ્દોમાં શીતતાનો અર્થ મળે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાંથી શીનનો પ્રયોગ નોંધાયો નથી. મોનિયર વિલિઅમ્ઝના કોશ અનુસાર વ્યાકરણમાં પાણિનિએ શીન સાંધ્યો છે (૬.૧.૨૪), પણ માત્ર 'વાજસનેયી સંહિતા'માં તે 'હિમ, બરફ'ના અર્થમાં વપરાયો છે. ટર્નરે શીનમાંથી ઊતરી આવેલા પાલિ સીન 'થીજેલું', કશ્મીરી શીન 'બરફ' નોંધ્યા છે.

શીન નહીં, પણ સ્ત્યાન પ્રશિષ્ટ સંસ્કૃતમાં વપરાયેલો મળે છે. વિશાખદેવ (વિશાખદત્ત)ના 'મુદ્રારાક્ષસ'માં શરદ્ વર્ણનનું એક સુંદર પદ્ય છે (૩.૭). તેમાં શરદઋતુમાં દિશાઓ જાણે કે સરિતાઓની જેમ ગગનમાંથી 'વહી' રહી છે એવી ઉત્પ્રેક્ષા કરી છે. ત્યાં શ્વેત મેઘખંડોના પુલિન હવે ક્રમે ક્રમે સંકોચાયાનું કહ્યું છે ('શનૈઃ શ્યાનીભૂતાઃ સિત-જલધરચ્છેદ-પુલિનાઃ'). ભર્તૃહરિના 'નીતિશતક'માં પણ જે જે વસ્તુઓ કૃશતાને લીધે શોભી ઊઠે છે તેની ગણના કરતાં તેમાં ઉપર્યુક્તનો જ સમાવેશ કર્યો છે: 'શરદિ સરિતઃ શ્યાન-પુલિનાઃ' (શરદઋતુમાં સંકોચાયેલા પુલિન વાળી નદીઓ.')

પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં અને લોકભાષાઓમાં સ્ત્યાન વધુ પ્રચલિત રહ્યો છે. સ્ત્યૈ ધાતુ 'કઠિન બનવું, જામી જવું'ના અર્થમાં નોંધાયો છે. સ્ત્યાન પરથી બનેલ થીણ અને થિણ્ણ પ્રાકૃત સાહિત્યમાં વપરાયા છે. 'સિદ્ધહેમ' ૮,૧,૭૪ અને ૮,૨,૮૯ વડે થિણ્ણ અને થીણ સધાય છે. 'દેશીનામમાલા' ૫,૩૦માં થિણ્ણ 'નિઃસ્નેહ, નિર્દય, અભિમાની' એવા અર્થમાં આપ્યો છે. તેમાં સં. સ્તબ્ધ પરથી થયેલ પ્રા. થદ્ધ, થડ્ઢ 'અભિમાની'માં જેવો જોવા મળે છે તેવો જ લાક્ષણિક અર્થવિકાસ થયો છે. ધાર્મિક સંજ્ઞા તરીકે જૈન આગમિક સાહિત્યમાં થીણગિદ્ધિ, થીણદ્ધિ, થીણદ્ધિય સં. સ્ત્યાન-ગૃદ્ધિ) એવા ઘોર નિદ્રાળુ માટે વપરાયો છે, જેની ચેતના અત્યંત દર્શનાવરણીય કર્મના ઉદયથી જડીભૂત બની ગઈ છે. ગુજરાતી 'થીનું' (જેમ કે 'થીનું ઘી') ના મૂળમાં પ્રા. થિન્ન અને 'થીણું'ના મૂળમાં પ્રા. થાણ છે. અને સં. સ્ત્યાયિત પરથી થયેલા પ્રા. થિજ્જઇમાંથી ગુજ. 'થીજવું' બન્યો છે.

સંદર્ભ : ધર્મરાજ નારાયણ ગાંધી–'ધાતુરૂપકોશ' (૧૮૮૩).

મોનિઅર–વિલિઅમ્ઝ—'સંસ્કૃત–ઈંગ્લિશ ડિક્શનરી' (૧૮૯૯, ૧૯૬૦).

હરગોવિંદદાસ શેઠ–'પાઇઅસદ્દમહણ્ણવો' (૧૯૬૩).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિજયકસ્તૂરીસૂરિ—અભિધાનચિંતામણિ ('ચંદ્રોદયા' ગુજરાતી ટીકા) (૧૯૫૭).
ટર્નર—કમ્પેરેટિવ ડિક્શનરી ઑવ ઇન્ડો–એરિયન લેંગ્વિજિઝ' (૧૯૬૬).
મુનિ દુલહરાજ—'દેશી શબ્દકોશ' (૧૯૮૮).
વિલિઅમ હ્વિટ્‌ની.—'રૂટ્‌સ, વર્બ–ફોર્મ્ઝ ઍંડ પ્રાયમરી ડેરિવેટિવ્‌ઝ ઑવ સંસ્કૃત લેંગ્વિજ' (૧૯૬૩).
વિશાખદેવ (વિશાખદત્ત)—'મૃચ્છકટિક.'
ભર્તૃહરિ—'નીતિશતક' (દામોદર કોસંબી સંપાદિત, ૧૯૪૮).

### ૫. પ્રાકૃત उक्कुक्कुर् 'ઊંચા ઊઠવું'

'સિદ્ધહેમ' ૮–૪–૬૭માં उक्कुक्कुर्‌ને સં. उद् + स्थाના ધાત્વાદેશ તરીકે આપ્યો છે. પ્રાકૃતકોશોમાં એ ધાતુનો કોઈ સાહિત્યિક પ્રયોગ નોંધાયો નથી. એ દૃષ્ટિએ વીરકવિકૃત 'જંબૂસામિચરિઉ' (ઇસવી. ૧૧ મી સદીનો મધ્ય ભાગ) એ અપભ્રંશકાવ્યમાં મળતો તેનો નીચે નોંધેલો પ્રયોગ મહત્ત્વ ધરાવે છે; જંબૂસ્વામીનો જે કુમારિકાઓ સાથે વિવાહ થયો તેમના સૌંદર્યવર્ણનમાં નીચેની પંક્તિ આવે છે :

'ઉક્કુક્કુરિય સિહિણ–પીવર–તડ રઇ–વરરાયહો નં મજ્જણ–ઘડ' (૪, ૧૩, ૧૨)

'તેમના ઊંચા ઊઠેલા સ્થૂળ સ્તનતટ એટલે માનો રતિપતિ મદનરાજના સ્નાનકળશ.'

આ રીતે उक्कुक्कुर्‌નો 'ઊંચા ઊઠવું', 'ઉભારવાળા હોવું' એવો અર્થ સમર્થિત થાય છે.

### ૬. પ્રા. फेट्टा 'ઢીંક'

ગુજરાતીમાં 'ફેંટ મારવી' પ્રયોગ 'લપાટ કે ધબ્બો લગાવવો' એવા અર્થમાં પ્રચલિત છે.

પ્રાકૃતમાં છઠ્ઠી શતાબ્દીમાં फेट्टा 'ઢોરની ઢીંક' એવા અર્થમાં વપરાયો છે :

एलओ सिंगेण फेट्टाए वा आहणेज्जा ।
'ઘેટો શીંગડું કે ઢીંક મારે'

('દસકાલિય–સુત્ત' પર અગસ્ત્યસિંહની ચૂર્ણિ, પૃ. ૧૦૫, પંક્તિ ૨૮. મુનિ પુણ્યવિજય સંપાદિત, ૧૯૭૩, પ્રાકૃત ગ્રંથ પરિષદ, ક્રમાંક ૧૭).
'ઢીંક', 'ધબ્બો', 'થપાટ' એ અર્થો પરસ્પર સંકળાયેલા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૭. પ્રાકૃત મેજ્જલઅ 'ભીરુ, બીકણુ'

હેમચંદ્રાચાર્યની 'દેશીનામમાલા'માં મેડ, મેજ્જ અને મેજ્જલય એ શબ્દો 'ભીરુ' એવા અર્થમાં નોંધાયેલ છે (૬.૧૦૭). 'સિદ્ધહેમ'માં પ્રાકૃત મેડ શબ્દ સંસ્કૃત મેર પરથી રકારનો ડકાર થયાથી સિદ્ધ થયેલો ગણ્યો છે. (ત્યાં મેડનો અર્થ 'બીકણુ' છે કે 'ઘેડુ' એ સંદિગ્ધ છે).

મેજ્જ શબ્દને લ અને અ એ લઘુતાવાચક પ્રત્યયો લાગીને મેજ્જલય બન્યુ છે. મેજ્જના મૂળમાં સંસ્કૃત મેવ છે.

'જેનાથી બીજા બીવે' એવા અર્થને બદલે 'જે બીજાથી બીવે, બીકણુ' એવો થઈ ગયો છે.

પુત્રને નજર ન લાગે તે માટે તેને નિંદાવાચક નામ આપવાની પ્રથા જાણીતી છે. એ રીતે 'બીકણુ, ગભરુ' અર્થ ધરાવતો સંસ્કૃત भीरु વિશેષ નામ તરીકે વપરાયેલ છે. નવમી શતાબ્દીના અપભ્રંશ કવિ સ્વયંભૂએ પોતાના છંદોગ્રંથ 'સ્વયંભૂછંદ'માં ભીરુકવિનું ગીતિછંદમાં રચેલ એક પ્રાકૃત ઉદાહરણ ટાંક્યું છે. સ્વયંભૂના પુત્ર ત્રિભુવને પિતાના અધૂરા રહેલા મહાકાવ્ય 'હરિવંસપુરાણ' અપરનામ 'રિટ્ઠણેમિચરિય'ને પૂરું કરેલું, તેમાં એક સ્થળે આપેલી પુરોગામી કવિઓની સૂચિમાં ભીરુ કવિનું પણ નામ છે.

ડૉ. રાઘવને નોંધ્યું છે કે ભોજકૃત 'શૃંગારપ્રકાશ'માં, અભિનવગુપ્ત-કૃત 'અભિનવભારતી'માં અને રામચંદ્રકૃત 'નાટ્યદર્પણ'માં રાસકાંક નામના ઉપરૂપકના ઉદાહરણ તરીકે કવિ ભેજ્જલકૃત 'રાધાવિપ્રલંભ રાસકાંક'નો ઉલ્લેખ કરેલો છે અને તેમાંથી થોડાંક ઉદ્ધરણો આપેલ છે (રાઘવન્, 'શૃંગારપ્રકાશ', પૃ. (૮૯–૮૯૧). આ ઉપરથી જોઈ શકાય છે કે 'ભીરુ' અર્થનો પ્રાકૃત भेज्जल પણ સંસ્કૃત भीरुની જેમ વિશેષ નામ તરીકે પણ પ્રચલિત હતો.

## ૮. પ્રા. तंबा 'ગાય'

હેમચંદ્રાચાર્યે तंबा શબ્દને દેશ્ય શબ્દ તરીકે 'ગાય'ના અર્થમાં નોંધ્યો છે ('દેશી નામમાલા', ૫.૧). ધનપાલે ગાયવાચક પ્રાકૃત શબ્દોમાં तंबा, वहुला અને रोहिणी આપ્યા છે (૬૯). આ બધા શબ્દો સામાન્યપણે ગાયવાચક તરીકે આપ્યા છે. મૂળે તો એ શબ્દો તે તે રંગની ગાયના વાચક હતા. तंबा, સં. ताम्रा 'ત્રાંબાના રંગની', वहुला 'કાળી' (સરખાવો बहुलपक्ष, ગુજ. 'બોળિયો' रोहिणी 'રાતી' (સરખાવો रोहित = लोहित), शबला 'કાબરચીતરી' कपिला 'પીળાશ પડતી રાતી' (ગુજ. 'કવળી') પ્રેમાનંદે 'દશમસ્કંધ'માં 'હરણી, કોળી, કાબરી, રાતી' ગાયોનો નિર્દેશ કર્યો છે. (૫૯, ૧૮–૧૯)

જુઓ 'બોળ-ચોથ' એ નોંધ, 'બુદ્ધિ પ્રકાશ', માર્ચ ૧૯૮૫, પૃ. ૧૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org